| Execution Petition No. | 1/22 |
| --- | --- |

# <u>–:આંક ૧ ની તળે હુકમ:–</u>

દરખાસ્ત વંચાણે લીધી. વિ. વકીલશ્રીને/ઓને સાંભળ્યા. રેકર્ડ વંચાણે લીધુ.

**(1)** હાલની **<u>દરખાસ્ત વાદીએ</u>** અત્રેની કોર્ટને **<u>દીવાની દાવા નં. ૨૪/૨૦૦૭</u>** કે જે તા. **<u>૧૧/૦૪/૨૨</u>** ના રોજ નિર્ણય થયેલ છે તેના હુકમની અમલવારી માટે દરખાસ્ત કરેલ છે. જે દાવાના હુકમ સામે વાદીએ **<u>ભચાઉ કોર્ટમાં રેગ્યુલર દીવાની અપીલ નંબર ૮/૨૨</u>** દાખલ થયેલ છે. **<u>જે હુકમ તા. ૨૩/૦૧/૨૬</u>** ના રોજ નિર્ણિત થઈ ગયેલ છે જે હુકમને પણ ધ્યાને લેવામાં આવેલ છે.

**<u>દરખાસ્ત વાદી (Decree Holder)ની રજુઆત:–</u>**

**(2)** આ કામે હવે હાલની દરખાસ્તના કામે વાદીએ રજુઆતમાં જણાવેલ છે કે, પ્રતિવાદી દાવાવાળી મિલ્કત બાબતે પ્રતિવાદી ને કોઈ ઈજમેન્ટરી રાઈટ નથી. તે વાદવાળા ચોકનો કોઈ ઉપયોગ કરી શકે નહી. અત્રેની કોર્ટના હુકમ મુજબ મુખ્ય દાવાના આંક ૧૫ મુજબના પંચનામા રીપોર્ટ તથા આંક ૧૬ મુજબના નકશામાં દર્શાવેલ સ્થીતી મુજબની સ્થિતી કરી આપવાનો હુકમ કરેલ છે. જે મુજબ પ્રતિવાદી વર્તવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી તેની અમલવારી માટે હાલની દરખાસ્તની તામીલ કરવા અરજ કરેલ છે.

**<u>દરખાસ્ત પ્રતિવાદી (Decree Debtor)ની દલીલ:–</u>**

**(3)** પ્રતિવાદી તેની રજુઆતમાં જણાવે છે કે અમોએ નામદાર ભચાઉ ડીસ્ટ્રીકટ કોર્ટના રેગ્યુલર દીવાની અપીલ નંબર ૮/૨૨ નુ પાલન કરેલ છે. જયારે અત્રેની નામદાર કોર્ટે મુળ દાવામાં જે એક માસની દીવાની જેલની સજા કરવાનો હુકમ કરવામાં આવેલ હતો

તે હુકમ અપીલમાં રદ કરવામાં આવેલો છે. આ કામે દરખાસ્ત વાળીએ દાવામાં જે દાદ મળેલ હતી તે સિવાયની દાદ માંગેલ હોય તો એવી કોઈજ દાદ દરખાસ્ત વાદીને મળી શકે નહી. માટે હાલની દરખાસ્તને ખર્ચ સાથે રદ કરવા અરજ કરેલ છે.

**<u>કોર્ટના તારણો:–</u>**

**(4)** વધુમાં આ કામે ચર્ચા કરીએ તો અંહી એ ચર્ચા કરી જરૂરી બની જાય છે. ખાસ કરીને જયારે હુકમનામાની અમલવારી માટે દરખાસ્ત દાખલ કરવામાં આવતી હોય છે ત્યારે કોર્ટ પાસે દરખાસ્તની અમલવારી તથા કાર્યવાહી માટે **Narrow Scope** હોય છે. કોર્ટ હુકમનામાના હુકમની બહાર જઈને કોઈ આદેશ આપી શકતી નથી તેવુ અત્રેની કોર્ટનુ માનવાનુ થાય છે. તેમજ વિશેષ કોઈ દાદ પણ કોર્ટ આપી શકતી નથી. કોર્ટે માત્ર હુકમનામાની દાદને જ ધ્યાને (**Stick-With**) લેવાનુ રહેતુ હોય છે. તેમજ મિલ્કતની સોંપણી કરવાની દાદ જો દાવામાં વાદીને મળેલ ના હોય તો ફરી તેવી દાદ દરખાસ્તમાં માંગી શકે નહી કે મળી શકે પણ નહી. તેવુ અત્રેની કોર્ટનુ માનાવનુ થાય છે.

**(5)** અત્રેની કોર્ટના **<u>દીવાની દાવા નં. ૨૪/૨૦૦૭</u>** ના હુકમ સામે વાદીએ **<u>ભચાઉ ડીસ્ટ્રીકટ કોર્ટમાં રે.દિ.અપીલ નંબર ૮/૨૦૨૨ થી</u>** અપીલ દાખલ કરેલ હતી. જે **<u>તા. ૨૩/૦૧/૨૬</u>** ના રોજ નિર્ણિત થઈ ગયેલ છે. જેમાં અત્રેની કોર્ટેના આખરી હુકમના મુદા નંબર ૪ કે જેમાં પ્રતિવાદીઓને ૧ એક માસની દીવાની જેલમાં અટકાયતમાં રાખવાનો હુકમ કરવામાં આવેલ હતો. તે હુકમને રદ કરવામાં આવેલ હતો. વધુમાં રૂા. ૫૦૦૦/– વાદીને પ્રતિવાદીઓએ ચુકવી આપવનો હુકમ કરવામાં આવેલ હતો. જેનુ પાલન પ્રતિવાદી ઓએ કરેલ છે. જે આંક ૩૦ થી રેકર્ડ પર રજુ છે. તે સિવાય અત્રેની કોર્ટના

હુકમને આંશિક મંજુર કરવામાં આવેલ હતો. હવે તેના માટે અત્રેની કોર્ટનો શુ હુકમ કરેલ હતો તેનુ નિરૂપણ કરવુ અનિવાર્ય છે. જે નીચે મુજબ છે.

રે.દિ.મું નંબર ૨૪/૦૭

## –:આખરી હુકમ:–

1. આથી, વાદીની હાલની દાવા અરજી "મંજુર" કરવામાં આવે છે.

2. આથી, એવું ઠરાવવામાં આવે છે કે, રાપર મ્યુ. બરો હા. લી. નં. ૧૪/૩ વાળું રહેણાંકનું મકાન વાદીનું કબ્જા, ભોગવટા અને માલિકીનું છે અને સદર મકાનના ખડકીની દક્ષિણ બાજુ આવેલ ચોકમાં પ્રતીવાદીઓ નો કોઈ હકક હીસ્સો નથી.

3. આથી પ્રતીવાદીઓને એવો હુકમ ફરમાવવામાં આવે છે કે, તેઓએ આંક–૧૫ વાળા પંચનામા રીપોર્ટ તથા આંક–૧૬ વાળા નકશામાં દર્શાવેલ સ્થિતી મુજબ આ હુકમથી દિવસ–૬૦ ની અંદર સ્થાનિકે સ્થિતી કરી આપવી.

4. આ કામે પ્રતીવાદીઓએ આંક–૦૬ હેઠળ ફરમાવેલ નામ કોર્ટના હુકમનો અનાદર કરેલ હોવાનું પુરવાર થાય છે જેથી ઓર્ડર–૩૯, રૂલ–૨(એ) મુજબ પ્રતીવાદીઓને માસ–૧(એક) ની દિવાની જેલમાં અટકાયતમાં રાખવાનો હુકમ કરવામાં આવે છે.

5. આ કામના વાદીના કબજા ભોગવટાવાળી જગ્યા રાપર મ્યુ. બરો હા. લી. નં. ૧૪/૩ વાળું રહેણાંકનું મકાન અને સદર મકાનના ખડકીની દક્ષિણ બાજુ આવેલ ચોકમાં પ્રતીવાદીઓ પોતે જાતે, એજન્ટો, નોકરો, કુટુંબીજનો વગેરે મારફતે કોઈપણ પ્રકારે બડવણ, અટકાયત, અંતરાય તેમજ પ્રવેશ કરે / કરાવે નહી.

6. દાવા અંગેનુ ખર્ચ પ્રતિવાદીઓએ ભોગવવુ.

7. હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

=X=X=X=X

**(6)** વધુમાં ચર્ચા કરવાની કે અત્રેની કોર્ટના રે.દી.મું. નંબર ૨૪/૦૭ ના આખરી હુકમના મુદા નંબર ૫ માં હુકમ કરેલ છે કે “આ કામના વાદીના કબજા ભોગવટાવાળી જગ્યા રાપર મ્યુ. બરો હા. લી. નં. ૧૪/૩ વાળું રહેણાંકનું મકાન અને સદર મકાનના ખડકીની દક્ષિણ બાજુ આવેલ ચોકમાં પ્રતીવાદીઓ પોતે જાતે, એજન્ટો, નોકરો, કુટુંબીજનો વગેરે મારફતે કોઈપણ પ્રકારે બડવણ, અટકાયત, અંતરાય તેમજ પ્રવેશ કરે / કરાવે નહી. ” તે હુકમ અંગે વાદીને હાલના આખરી દલીલના તબકકે કોઈ રજુઆત નથી કે વાંધો ઉઠાવેલ નથી. તેમજ બીજી તરફ પ્રતિવાદી પણ તેવી ખાત્રી આપેલ છે કે અમો વાદીને કોઈ પ્રકારે રોક ટોક કરતા ના હતા અને કરીશુ નહી.

**(7)** અત્રે ઉલલેખનીય છે કે, વાદ વાળી જગ્યા ચોક આવેલ છે. જે કોઈની માલીકીનો ના હોઈ શકે જેમાંથી ઉતર દીશા તરફ વાદીને તેમના ઘરમાં પ્રવેશવા માટે ચોકનો ઉપયોગ કરે છે. તેમજ પુર્વ દિશામાં તથા પશ્ચિમ દિશામાં મિલ્કતો આવેલ છે. જેથી વાદવાળો ચોક સુખાકારી માટે ઉપયોગમાં લેવામાં આવે છે. અને વાદીનો કેસ ચોકની માલીકી અંગેનો પહેલેથી હતો પણ નહી.

**(8)** આ કામે ડીસ્ટ્રીકટ જજ ભચાઉના નામદાર કોર્ટના રેગ્યુલર દીવાની અપીલ નંબર ૮/૨૨ માં કરેલ હુકમ મુજબ હવે ચર્ચા કરતા હાલનો દાવો અંશત: મંજુર કરવામાં આવેલ છે. જેમાં મુળ દાવાના આખરી હુકમના મુદા નંબર ૧, ૨, ૪, ૫, ૬, ૭ અંગે ચર્ચા કરવાની રહેતી નથી. આખરમાં મુદા નંબર ૩ માં ઠરાવવામાં આવેલ છે કે દાવાના કામે આંક ૧૫

અને ૧૬ થી કરવામાં આવેલ પંચનામા અને નકશા મુજબની સ્થીતી કરી આપવાનો હુકમ કરવામાં આવેલ છે. જે આંક ૧૫ અને ૧૬ વંચાણે લેતા,

*"વાદી જગ્યાનુ માપ ઉતરથી દક્ષિણ સુધીનુ ૨૧ ફુટનુ તથા પુર્વથી પશ્ચિમ સુધીનુ ૨૨ ફુટનુ માપ છે. જયારે નાના મોટા પથથ્થ? પથરાયેલાનુ જણાવેલ છે. જયારે પશ્ચિમ બાજુ આશરે બે ફુટ લંબાઈ તથા દોઢ ફુટ પહોળાઈનુ સંડાની જગ્યા છે. જે બીનઉપયોગી છે. સંડાસની બાજુમાં જુના બાથરૂમની જગ્યા છે.ચોકમાં હાલે કોઈ બાંધકામ નથી."*

જયારે નકશો ઘ્યાને લેતા તે મુજબની સ્થીતી સ્થળ પર જણાઈ આવે છે. હવે જયારે હાલની દસ્ખાસ્તની અમલવારી સમયે તે મુજબની પરીસ્થીતી છે કે કેમ? તે રેકર્ડ ઉપર લાવવા માટે વાદીએ હાલના સમયમાં વાદવાળી જમીનનુ પંચનામુ તથા નકશો કરવા માટે અરજી આપતા, સાંભળીને મંજુર કરવાનો હુકમ કરવામાં આવેલ હતો. જે આ કામે આંક ૩૩ થી કોર્ટ કમિશ્નરનો રીપોર્ટ તથા માર્ક ૩૩/૩ થી પંચનામુ, નકશો રજુ કરેલ છે. જે બન્ને પક્ષકારોના વકીલશ્રીના ઘ્યાન પર આવેલ છે. જે પંચનામા કે નકશા અંગે બન્નેમાંથી કોઈ પક્ષકારે કોઈ હકીકતો અંગે વાંધો કે તકરાર ઉઠાવેલ નથી. જેથી તે બન્ને પક્ષકારોને માન્ય છે તેવુ અત્રેની કોર્ટનુ માનવાનુ રહે છે. જેમાં માર્ક ૩૩/૩ થી પંચનામું વંચાણે લેતા લખેલ છે કે,

*"વાદી જગ્યાનુ માપ ઉતરથી દક્ષિણ સુધીનુ ૨૨ ફુટનુ તથા પુર્વથી પશ્ચિમ સુધીનુ ૨૨ ફુટનુ માપ છે. જયારે નાના મોટા પથ્થરો પથરાયેલાનુ જણાવેલ છે. જયારે ચોકમાં કોઈ પ્રકારનુ બાંધકામ જોવા મળતુ નથી. "*

આમ આ બન્ને આંક ૧૫, ૧૬ અને માર્ક ૩૩/૩ થી જે પંચનામુ રેકર્ડ પર આવેલ છે. તેમાં કોઈ પ્રકારનુ બાંધકામ રેકર્ડ પર આજની તારીખે આવેલ નથી. તેમજ કોઈ દબાણ પ્રતિવાદી એ કરેલ હોય તેવુ રેકર્ડ પર આવેલ નથી. તેવામાં ચર્ચાને ટુંકાવતા

હવે હાલની દરખાસ્ત બાબતે કોઈ વિશેષ ચર્ચા કરવાની રહેતી નથી. જો હાલના તબકકે પંચનામુ કરેલ તેમાં કોઈ બાંધકામ રેકર્ડ પર આવેલ હોત તો આંક ૧૫, ૧૬ ની સ્થિતી જાળવવાનો હુકમ કરી શકાય તેમ હોત. પરંતુ હાલ એવુ કોઈ બાંધકામ કરેલ હોય તેવી પરિસ્થીતીનુ નિર્માણ થયેલ નથી. જેથી આ બાબતે  હાલની દરખાસ્તની બજવણીની કાર્યવાહી કરવાની રહેતી નથી તેવુ અત્રેની કોર્ટનુ નમ્રપણે માનવાનુ થાય છે.

**(9)** આમ, ઉપર મુજબની ચર્ચા કર્યા બાદ હાલની દરખાસ્ત અંગે અત્રેની કોર્ટને યોગ્ય અને ન્યાયોચિત જણાતો નીચે મુજબ હુકમ ફરમાવવમાં આવે છે.

## **–:હુકમ:–**

1. આથી **દરખાસ્ત વાદીની** હાલની **દરખાસ્ત અરજી** ના અમલવારી માટે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ના હોવાથી વાદીની હાલની દરખાસ્ત ફાઈલે કરવામાં આવે છે.
2. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**તારીખ: 09/04/2026**
**સ્થળ: રાપર.**

**(અમિત મહેન્દ્રભાઈ પાટડીયા)**
જજ કોડ નં. જીજે ૦૧૪૩૪
**પ્રિન્સીપાલ સિવિલ જજ તથા**
**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, રાપર.**